**અગત્યનું**
**સમયમર્યાદા**

ક્રમાંક: બગત/૧૦૧૮/૨૪૪૮/ક-૮
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ
સચિવાલય, ગાંધીનગર.
તા.૬/૬/૨૦૧૯

પ્રતિ,

- સર્વે કલેક્ટરશ્રી/સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી
- સર્વે મામલતદારશ્રી/સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રી

વિષય: **ખરીફ કૃષિ મહોત્સવ-૨૦૧૯ ની માર્ગદર્શક સૂચનાઓ** ના અમલ બાબત

શ્રીમાન,

ઉક્ત વિષય પરત્વે જણાવવાનું કે અગાઉના કૃષિ મહોત્સવની સફળતાને ધ્યાને લઈને આ વર્ષે પણ રાજ્ય સરકારે તા.૧૬/૬/૨૦૧૯ થી તા.૧૭/૬/૨૦૧૯ દરમ્યાન જનહિતમાં ખરીફ કૃષિ મહોત્સવ-૨૦૧૯ ની ઊજવણીનો કાર્યક્રમ નક્કી કરેલ છે. આ અંગેની વિગતવાર સૂચનાઓ તૈયાર કરવામાં આવેલ છે. જેની નકલ આ સાથે સામેલ છે. તેમાં દર્શાવેલ સૂચનાઓ અન્વયે જરૂરી કાર્યવાહી અગ્રતાના ધોરણે હાથ ધરવા આજ્ઞાનુસાર વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

(રાજેન્દ્ર પંડ્યા)
ઉપ સચિવ
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

બિડાણ : ઉપર મુજબ

**નકલ રવાના :**

- માન.મુખ્ય મંત્રીશ્રી ના અગ્ર સચિવશ્રી, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી (કૃષિ), સચિવાલય, ગાંધીનગરના અંગત સચિવશ્રી
- સર્વે માન.મંત્રીશ્રી/સર્વે મન.રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી
- સર્વે માન.પ્રભારી મંત્રીશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર
- માન.મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અ.મુ.સ.શ્રી (કૃષિ) ના રહસ્ય સચિવશ્રી
- સચિવશ્રી (પ.પા.,મ.ઉ અને ગૌ. સં)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી(સચિવાલયના સર્વે વિભાગ)
- સર્વે પ્રભારી સચિવશ્રીઓ, સચિવાલય
- કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના સર્વે અધિકારીશ્રીઓ
- સર્વે ખાતના વડા/બોર્ડ/નિગમ/કૃષિ યુનિવર્સિટીઓ/સંસ્થા/એજન્સી (કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના નિયંત્રણ હેઠળના)
- સર્વે જિલ્લા ખેતી/બાગાયત/પશુપાલન/મત્સ્યોદ્યોગ/રજીસ્ટ્રાર (સહકારી મંડળીઓ)
- મદદનીશ નિયામક (જમીન-જમીન વિકાસ નિગમ)
- વિભાગની સર્વે શાખાઓ (રોકડ, રજીસ્ટ્રી, ટાઈપ સિવાય)
- સિલેક્ટ ફાઈલ

सत्यमेव जयते

સૌનો સાથ સૌનો વિકાસ

# ગુજરાત રાજ્ય

# કૃષિ મહોત્સવ-૨૦૧૯

# માર્ગદર્શિકા

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

**સચિવાલય, ગાંધીનગર**

# કૃષિ મહોત્સવ-૨૦૧૯ અંગેની માર્ગદર્શક સુચનાઓ

રાજ્યમાં કૃષિ ક્ષેત્રમાં ગ્રામ્ય કક્ષાએ આધુનિક ઓજારો, કૃષિ પધ્ધતિઓ, જળ સંચય અને વિજળી સંચયના કાર્યક્રમો ખેડૂતો સુધી પહોંચે તે માટે રાજ્ય સરકારનો આગવો અભિગમ રહ્યો છે. જેમાં કૃષિ લક્ષી અને ગ્રામ વિકાસને લગતા કાર્યક્રમોનું આયોજન કરી કૃષિ સહાય, વૈજ્ઞાનિક માર્ગદર્શન સ્થાનિક કક્ષાએ ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

વર્ષ-૨૦૦૫ થી રાજ્ય સરકારે પ્રથમ કૃષિ મહોત્સવનો પ્રારંભ કરેલ છે. અત્યાર સુધીમાં ૧૪ કૃષિ મહોત્સવ સફળતા પૂર્વક ઉજવાઇ ગયેલ છે. આમ રાજય સરકાર ચાલુ વર્ષે પંદરમો કૃષિ મહોત્સવ યોજવા જઇ રહી છે. ખેડૂતોને આગામી ખરીફ સીઝનની પુર્વ તૈયારી માટે વધુ અનુકુળતા રહે તે હેતુસર **કૃષિ મહોત્સવ-૨૦૧૯ તા.૧૬/૦૬/૨૦૧૯ અને તા.૧૭/૦૬/૨૦૧૯ના** રોજ (કોઇ પણ એક દિવસે) યોજવામાં આવનાર છે. આગામી કૃષિ મહોત્સવનું સુચારુ આયોજન કરવા માટેનો વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ છે.

## કૃષિ મહોત્સવના કાર્યક્રમો:

- તાલુકા કક્ષાએ સેમીનાર અને એક્ઝીબીશન કમ સેલ્સના કૃષિ કાર્યક્રમનું આયોજન કરવાનું રહેશે. (અંદાજીત ૨૪૮ કાર્યક્રમ) દરેક કાર્યક્રમ માટે રૂ. ચાર લાખની મર્યાદામાં આયોજન કરવાનું રહેશે.
- સમગ્ર કાર્યક્રમમાં એક દિવસીય સેમીનાર અને પ્રદર્શનનુ આયોજન કરવાનુ રહેશે.(સામેલ: સુચિત મોડલ કાર્યક્રમ) સેમીનારના વિષય અને વક્તા સ્થાનિક પરિસ્થિતી મુજબ કૃષિ યુનિવર્સિટીના સંકલનમાં રહી જીલ્લા કક્ષાએથી નક્કી કરવાના રહેશે
- સેમીનારના કાર્યક્રમનો સમય સવારે ૯-૦૦વાગ્યાથી બપોરના ૧-૦૦ વાગ્યા સુધીનો રહેશે જયારે એક્ઝીબીશનનો સમય સવારના ૮-૩૦ વાગ્યાથી સાંજના ૬-૦૦ વાગ્યા સુધીનો રહેશે.
- દરેક સેમીનારના કાર્યક્રમમાં આશરે ૧૦૦૦ ખેડૂતો હાજર રહે તેમજ તેઓ માટે બપોરના વર્કિંગ લંચની વ્યવસ્થા જીલ્લાતંત્ર મારફત કરવાની રહેશે.
- જીલ્લા ખેતીવાડી અધિકારીએ દરેક કાર્યક્રમના સફળ સંચાલન માટે સ્થાનિક ધોરણે કૃષિ અને સંલગ્ન ખાતાના અધિકારીઓ સાથે ગુજરાત રાજ્ય બીજ નિગમ, ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન, કૃષિ યુનિવર્સિટી, ખાતર કંપની, સ્થાનિક કૃષિ ઇનપુટ અને યાંત્રિક સાધનોના ડીલર્સ વિગેરેના સંકલનમાં રહી જરૂરી કાર્યવાહી કરવાની રહેશે.
- સદર કાર્યક્રમના ખર્ચની દરખાસ્ત તાલુકા અમલીકરણ અધિકારીએ તૈયાર કરી પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, આત્માને ચૂકવણા અર્થે મોકલી આપવાની રહેશે.

- કૃષિ મહોત્સવના સ્થળે જુદા જુદા સ્ટોલ ગોઠવવાના રહેશે. સ્થાનિક જરૂરીયાતને અનુલક્ષીને સ્ટોલની કુલ સંખ્યા અંદાજીત ૧૫-૨૦ ની આસપાસ રાખવાની રહેશે. ઉક્ત સ્ટોલ પૈકી એક સ્ટોલ જીલ્લા આરોગ્ય અધિકારીના સંકલન માં રહી પ્રાથમિક આરોગ્ય સારવાર કેન્દ્રની સુવિધા ઉપલબ્ધથાય તે મુજબ કરવાનો રહેશે.
- સમગ્ર કાર્યક્રમના સ્થળે પીવાના પાણીની ઉચિત વ્યવસ્થા ઉભી કરવાની રહેશે.
- કાર્યક્રમની સાથોસાથ તાલુકા કક્ષાના સ્થળે પશુપાલન વિભાગે સ્થાનિક કક્ષાએ પશુ આરોગ્ય કેમ્પ કરવાના રહેશે.
- તાલુકા કક્ષાના કાર્યક્રમમાં કૃષિ/બાગાયત/પશુપાલન/મત્સ્યપાલન વગેરેમાંથી લાગુ પડતી પ્રવૃત્તિ માટે ખાતાના સ્ટોલ ઉપરથી ખેડૂતોને ટેકનીકલ સાહિત્ય ઉપરાંત લાગુ પડતી રાજય તથા કેન્દ્ર સરકારની યોજનાઓ અંગેનાં સાહિત્યનું વિતરણ કરવામાં આવશે.
- કૃષિ યુનિવર્સિટીના નિષ્ણાતે સેમીનારમાં હાજર રહી ખેડૂતોને સબંધિત વિસ્તારમાં આવેલા પાકો અંગે માર્ગદર્શન તથા પ્રશ્નોનું નિરાકરણ આપવાનું રહેશે.
- બેંકો મારફતે પાક ધીરાણ, પાક વિમા યોજના, કિસાન ક્રેડીટ કાર્ડ અંગેની જાણકારી આપવા માટેનું આયોજન કરવાનું રહેશે
- જંગલ ખાતા મારફતે રોપાઓનું બુકીંગ કરવાનું આયોજન કરવાનું રહેશે
- કાર્યક્રમ દરમ્યાન પ્રગતિશીલ/ એવોર્ડી ખેડૂતોની યાદી તૈયાર કરી તેમનું જાહેરમાં સન્માન કરવું
- કૃષિ મહોત્સવ સાથે સંકળાયેલા અન્ય વિભાગોએ પણ મહોત્સવ દરમ્યાન પોતાના વિભાગની કામગીરી હાથ ધરવાની રહેશે.
- GGRC એ ખાસ ઝુંબેશ હાથ ધરી તાલુકાના વધુમાં વધુ ગામો સુક્ષ્મ પિયત પધ્ધતિ નીચે આવરી લેવા.
- જે તે તાલુકાના પ્રગતિશીલ ખેડૂતોને વક્તા તરીકે રાખી તેમના અનુભવોનો લાભ અન્ય ખેડૂતોને આપવો. વૈજ્ઞાનિકો ખેડૂતોના પ્રશ્નોના ઉત્તરો આપે તેવું આયોજન કરવુ.
- શકય હોય ત્યાં સુધી કાર્યક્રમનું સ્થળ તાલુકાની એ.પી.એમ.સી. ખાતે અથવા જિલ્લા અમલીકરણ સમીતી નક્કી કરે તે સ્થળે રાખવાનુ રહેશે. તેમજ તે સ્થળે સ્થાનિક ધોરણે સિકયુરીટીની વ્યવસ્થા જિલ્લાતંત્ર મારફત કરવાની રહેશે.
- વર્ગ-૧/વર્ગ-૨ કક્ષાના અધિકારીશ્રીઓને દરેક તાલુકા દીઠ કૃષિ મહોત્સવ અંગે સ્વતંત્ર જવાબદારીઓ સોંપવી.
- કૃષિ મહોત્સવ ૨૦૧૯ ના આયોજન માટે એજીઆર-૧ હેઠળ કૃષિ મહોત્સવ-૨૦૧૯ની મંજુર થયેલ ગ્રાંટ માંથી કરવાની રહેશે તથા સદર ગ્રાન્ટ ખેતી નિયામકશ્રીએ નોડલ એજન્સી તરીકે સ્ટેટ નોડલ

અધિકારીશ્રી, આત્મા કચેરી, ગાંધીનગરના હવાલે મુકવાની રહેશે. તે મુજબ સ્ટેટ નોડલ અધિકારીશ્રી, આત્મા કચેરી, ગાંધીનગર સંબધિત પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી આત્માને ગ્રાન્ટ ફાળવશે.

- **કૃષિ મહોત્સવ-૨૦૧૯નો દૈનિક મોડલ કાર્યક્રમ નીચે મુજબ રહેશે. પરંતુ સ્થાનિક પરિસ્થિતિ મુજબ તેમાં ફેરફાર કરી શકાશે.**

## કૃષિ મહોત્સવ-૨૦૧૯નો એક દિવસીય સૂચિત મોડેલ કાર્યક્રમ

વિભાગ-૧

| **સમય** | **સૂચિત કાર્યક્રમ** | **આયોજક** |
|---|---|---|
| ૦૯:૦૦ થી ૦૯-૩૦ | રજીસ્ટ્રેશન | તાલુકા ટીમ |
| ૦૯-૩૦ થી ૦૯-૪૫ | દીપ પ્રાગટ્ય અને ઉદઘાટન સમારંભ | જીલ્લા ટીમ |
| ૦૯-૪૫ થી ૧૦-૧૦ | સેમીનાર લેકચર-૧ (કૃષિ) અને પ્રશ્નોત્તરી | કૃષિ વૈજ્ઞાનિક |
| ૧૦.૧૦ થી ૧૦.૩૦ | સ્થાનિક પ્રગતિશીલ/એવોર્ડી ખેડૂતોના વિષયોક્ત અનુભવોનું આદાન-પ્રદાન | જીલ્લા ખેતીવાડી અધિકારી,પ્રગતિશીલ ખેડૂતો |
| ૧૦.૩૦ થી ૧૦.૫૦ | સેમીનાર લેકચર-૨ (બાગાયત) અને પ્રશ્નોત્તરી | કૃષિ વૈજ્ઞાનિક |
| ૧૦.૫૦ થી ૧૧.૧૦ | સ્થાનિક પ્રગતિશીલ ખેડૂતોના વિષયોક્ત અનુભવોનું આદાન-પ્રદાન | નાયબ બાગયાત નિયામક,પ્રગતિશીલ ખેડૂતો |
| ૧૧.૧૦ થી ૧૧.૩૦ | સેમીનાર લેકચર-૩ (પશુપાલન) અને પ્રશ્નોત્તરી | કૃષિ વૈજ્ઞાનિક |
| ૧૧.૩૦ થી ૧૧.૫૦ | સ્થાનિક પ્રગતિશીલ ખેડૂતોના વિષયોક્ત અનુભવોનું આદાન-પ્રદાન | નાયબ પશુપાલન નિયામક, પ્રગતિશીલ ખેડૂતો |
| ૧૧.૫૦ થી ૧૨.૨૦ | કિસાન ગોષ્ઠી | પ્રોજેકટ ડાયરેકટર, આત્મા |
| ૧૨.૨૦ થી ૧૩.૦૦ | પદાધિકારીઓનું પ્રવચન, મંજુરી પત્રો/વર્ક ઓર્ડર નું વિતરણ અને આભાર વિધિ | સંલગ્ન વિભાગ |
| ૧૩.૦૦ | વર્કીંગ લંચ | આયોજક |

**વિભાગ-૨**

| **સમય** | **સૂચિત કાર્યક્રમ** | **આયોજક** |
|---|---|---|
| ૮:૩૦ થી ૦૬-૦૦ | પશુ સારવાર કેમ્પ અને પશુ સારસંભાળ માટે માર્ગદર્શન | પશુપાલન ખાતાના અધિકારી /પશુપાલન વૈજ્ઞાનીકશ્રીઓ |

- કાર્યક્રમનું સફળતા પુર્વક આયોજન જિલ્લા અમલીકરણ સમીતી દ્વારા કામગીરી કરવામાં આવશે.

## ૧. કાર્યક્રમ માટેની જીલ્લા અમલીકરણ સમિતિ

| | | |
|---|---|---|
| ૧ | જીલ્લા કલેકટરશ્રી | અધ્યક્ષશ્રી |
| ૨ | જીલ્લા વિકાસ અધિકારીશ્રી | સહ અધ્યક્ષશ્રી |
| ૩ | જીલ્લાના નોડલ વૈજ્ઞાનિકશ્રી | સભ્યશ્રી |
| ૪ | નાયબ પશુપાલન નિયામકશ્રી | સભ્યશ્રી |
| ૫ | નાયબ બાગાયત નિયામકશ્રી | સભ્યશ્રી |
| ૬ | પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, આત્મા | સભ્યશ્રી |
| ૭ | નાયબ માહિતિ નિયામકશ્રી | સભ્યશ્રી |
| ૮ | લાઇન ડિપાર્ટમેન્ટના તમામ અધિકારીશ્રીઓ | સભ્યશ્રી |
| ૯ | જીલ્લા ખેતીવાડી અધિકારીશ્રી | સભ્યસચિવશ્રી |
| ૧૦ | અન્ય સભ્યોનો સમાવેશ કલેકટરશ્રી જરૂરિયાત મુજબ કરશે | |

**કાર્યો :-**

- કૃષિ મહોત્સવના કાર્યક્રમનું સમગ્ર આયોજન, અમલીકરણ અને મોનીટરીંગ
- પ્રદર્શન-કમ વેચાણના આયોજનની ટીમની રચના કરવી.
- કાર્યક્રમનો લાભ વધુમાં વધુ ખેડૂતો લઈ શકે તે માટે એ.પી.એમ.સી., ડેરી, સુગરફેક્ટરી, સહકારી સંસ્થાઓ વગેરેનો સહયોગ સુનિશ્ચિત કરવો .

## ૨. તાલુકા અમલીકરણ સમિતિ

**રચના :-**

(૧) પ્રાંત અધિકારી — અધ્યક્ષ

(૨) તાલુકા મામલતદાર — સહઅધ્યક્ષ

(૩) તાલુકા વિકાસ અધિકારી — સભ્ય

(૪) તાલુકા અમલીકરણ અધિકારી — સભ્ય સચિવ

(૫) પ્રાંત અધિકારી સ્થાનિક પરિસ્થિતિ મુજબ લાઇન ડીપાર્ટમેન્ટના અધિકારીઓ, પદાધિકારીઓ, સ્થાનિક સંસ્થા/ફાર્મર્સ કલબ/બેંકના પ્રતિનિધિનો સભ્ય તરીકે સમાવેશ કરી શકશે.

<u>કાર્યો:-</u>

- આ કાર્યક્રમ માટે પ્રદર્શન-કમ વેચાણની તથા અંદાજે ૧૦૦૦ ખેડૂતોની બેઠકની વ્યવસ્થા થઇ શકે તેવા શકય હોય ત્યાં સુધી કંમ્પાઉન્ડવોલવાળા સ્થળની પસંદગી કરવી તથા પશુ આરોગ્ય કેમ્પ માટે યોગ્ય સ્થળ પસંદ કરવું.
- તાલુકાના ગામોની આગોતરી મુલાકાત લઇ વધુમાં વધુ ખેડુતો લાભ લે તે સુનિશ્ચિત કરવુ.
- સ્થાનિક પરિસ્થિતિને અનુરૂપ પ્રદર્શનનું આયોજન કરવું.
- ખેડૂતો વધુમાં વધું સંખ્યામાં હાજર રહે તે માટે ચોકકસ આયોજન કરવું.
- આયોજનની જાહેરાત તાલુકાના સમાવિષ્ટ ગામમાં થાય અને વધુમાં વધુ ખેડૂતો હાજરી આપે તે માટે તાલુકાના કર્મચારીઓને જવાબદારી સોપવી
- કાર્યક્રમ પૂર્ણ થયેથી થયેલ કામગીરીની વિગતોનુ રીપોર્ટીંગ કરવુ.
- સ્થાનિક પ્રચાર પ્રસારની વ્યવસ્થા કરવી.
- કાર્યક્રમનાં દિવસે પીવાનાં પાણી, ટોયલેટ,પ્રાથમિક આરોગ્ય સેવા, આગ સલામતિ તથા અન્ય આવશ્યક પ્રાથમિક સુવિધાની વ્યવસ્થા કરવી.
- કાર્યક્રમ સ્થળની સંબંધિત ફાયર સેફટી અધિકારીની આગાઉથી મુલાકાત કરાવીને સૂચનો મેળવી ચૂસ્તપણે સૂચનાઓનુ અમલીકરણ કરવું.

<u>કૃષિ મહોત્સવની પૂર્વ તૈયારી</u>

- દરેક ગામમાં કૃષિ મહોત્સવ પહેલા આગોતરી મુલાકાત લઇ તાલુકામાં કૃષિ મહોત્સવ અંગેની જાણકારી આપવી.
- પ્રગતિશીલ ખેડૂતો/એવોર્ડી ખેડૂતોની યાદી તૈયાર કરવી.
- જે તે ગામનાં કૃષિ વિષયક પ્રશ્નોની માહિતી અગાઉથી મેળવવી અને કાર્યકમ દરમ્યાન કૃષિ વૈજ્ઞાનિક સાથે નિદર્શન/પ્રદર્શન માટે પસંદગી પામેલ ખેડૂતો સાથે તેની ચર્ચા થાય તે જોવુ.
- ખેડૂતોના ફાર્મર ઇન્ટરેસ્ટ ગ્રુપ (FIG), ફાર્મર કલબો, એનજીઓ, સેલ્ફ હેલ્પગ્રુપો, દૂધ મંડળીઓ વિગેરે કાર્યકમમાં ભાગ લે તે માટેથી અગાઉથી આયોજન કરવું. મહીલાઓ વધુમાં વધુ ભાગ લે તેવું પણ આયોજન કરવું
- **કલેકટરશ્રી/જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ ઉપરોકત બાબતો અંગે સુનિશ્ચિત આયોજન થાય તે માટે સઘન મોનીટરીંગ કરવું.**
- સ્થાનિક પ્રચાર પ્રસારની કામગીરી કેવી રીતે હાથ ધરવી તે તાલુકા/ જિલ્લાકક્ષાએ નકકી કરવું.
- રેડીયો, ટેલીવીઝન, જાહેર સ્થળોએ હોર્ડીગ્સ, બેનર, સ્થાનિક કેબલનો સહકાર, અખબારી જાહેરાત વગેરે કામગીરી માહિતી ખાતા દ્વારા કરવી.